# ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ રામભરોસે

## ડૉક્ટર સહીતનો સ્ટાફ નિયમિત ફરજ ન બજાવતા દર્દથી કણસતા દર્દીઓની હાલત દયાજનક

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા શહેરમાં આવેલી તાલુકા કક્ષાની એક માત્ર જનરલ હોસ્પિટલના કર્મચારીઓ નિયમિત ફરજ ન બજાવતા હોસ્પિટલ અનીયમીત થતી જાય છે. પરિણામે આસપાસના ગામડાઓમાંથી આવતા ગરીબ દર્દીઓને દરરોજ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને ના છૂટકે ખાનગી દવાખાને જવાની ફરજ પડે છે. આથી ગરીબ દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા છે અને તાલુકાની હોસ્પિટલમાં યોગ્ય સુવિધાઓ ઉભી કરવા માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં આવેલી એક માત્ર તાલુકાકક્ષાની જનરલ હોસ્પિટલ છે. જ્યાં હોસ્પિટલ સ્ટાફના અભાવે હોસ્પિટલ રણીધણી વગરની બનતી જાય છે. કર્મચારીઓની અનિયમિતતાના કારણે દરરોજ આસપાસના ગામડાઓમાંથી દવા લેવા આવતા ગરીબ દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. કલાકો સુધી લાંબી લાંબી કતારોમાં બેસી રહેવું પડે છે. તેમ છતાં કોઈ તબીબ પણ ત્યાં ફરકતા નથી અને કર્મચારીઓને કંઈક પુછતા જ તેઓ ગરીબ અને બિમાર દર્દીઓ સાથે તોછડાઈભર્યુ વર્તન કરે છે તેવી પણ ફરિયાદ દર્દીઓ કરી રહ્યા છે. અંતે આ હોસ્પિટલમાં યોગ્ય સારવાર અને સુવિધાઓ ન મળતા આખરે ખાનગી દવાખાને જવાની ફરજ પડે છે. પરિણામે ગરીબ દર્દીઓ આ મામલે રોષે ભરાયા છે અને જનરલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા પુરતો સ્ટાફ ભરવા માંગણી કરી રહ્યા છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં ધમધોકાર વેચાતો દારૂ

ખેડબ્રહ્મા શહેરમાં દિન પ્રતિદિન દારૂની રેલમછેલ વધી રહી છે. ખેડબ્રહ્મા શહેરમાં ઈન્દીરાનગર, ભક્તિનગર, હરજીપુરા ગામમાં માતાજી મંદિર નજીક પણ દારૂની રેલમછેલ થઈ રહી છે. જ્યારે ગુરૂવારના રોજ એક દારૂડીયો ભર બપોરે દારૂની પોટલી લઈ બઝારમાં ફરી રહ્યો હતો જેના લીધે ખેડબ્રહ્માના નાગરીકોની લાગણી દુભાઈ રહી છે. લોક મુખે ચર્ચાઈ રહ્યું છે કે, હપ્તા લઈ પોલીસ આંખ આડા કાન કરી રહી છે.

# રથયાત્રાને લઈને તડામાર તૈયારીમાં શ્રદ્ધાળુઓ વ્યસ્ત

અમદાવાદ,તા. ૨૭

રથયાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે માત્ર સુરક્ષાના કારણોસર જ નહીં બલકે શ્રદ્ધાળુઓ પણ આના માટેની તૈયારીમાં લાગી ગયા છે. એક બાજુ પોલીસ ટીમ રથયાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા પોતાની રીતે વ્યૂહરચનામાં વ્યસ્ત બનેલી છે. બીજી બાજુ શ્રદ્ધાળુઓ ભગવાન રણછોડરાયજીના દર્શન તથા તેમના સ્વાગત માટેની તૈયારીમાં જોડાઈ ગયા છે. અમદાવાદની પરંપારગત પોળમાં જુદા જુદા પ્રકારની પ્રસાદી માટે અનાજનો જથ્થો એકત્રિત કરવામાં આવી ચુક્યા છે. જુદી જુદી જગ્યાઓ પર રસોડા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. વિશ્વપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં પ્રસાદની તૈયારી ચાલી રહી છે જેના ભાગરૂપે મહિલાઓને મગને સાફ કરવા માટે કામે લગાડવામાં આવી છે.

બીજી બાજુ જગન્નાથ મંદિરથી નીકળનારી રથયાત્રાને લઈને જુદા જુદા રથને શણગારવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ચુકી છે. આના માટે કલરકામગીરી હાથ ધરવામાં આવી ચુકી છે. ભગવાન રણછોડજી રથયાત્રાના દિવસે શહેરના સમગ્ર વિસ્તારમાં પરિક્રમાના હેતુસર નીકળે છે. તેમના માટે રથ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

# નિવૃત્તિ બાદ ચિત્રકલામાં વ્યસ્ત ડૉ. પી.એમ. પરમાર

## અનેક હૃદયસ્પર્શી ચિત્રોને રંગોમાં ઢાળીયા છે

મહેસાણા, તા. ૨૭

સરકારી સેવામાંથી નિવૃત્ત થયા પછી સરકારની બાબુઓને સમય ક્યાં કાઢવો તેની સમસ્યા સતાવતી હોય છે. કેટલાક લોકો પુનઃ નોકરીમાં જોડાય છે તો કેટલાક આર્થિક સામાજિક કે સેવાકીય સંસ્થાઓમાં જોડાઈને તેમની શક્તિઓને કામે લગાડે છે. પરંતુ ગત વર્ષે ૩૦ જૂન ૨૦૧૨ના રોજ માહિતી ખાતામાંથી નિવૃત્ત થયેલા ડૉ. પી.એમ. પરમાર ચિત્રો દોરવામાં આજકાલ મગ્ન બની ગયા છે.

ડૉ. પી.એ. પરમારનો સામાન્ય પરિચય જોતા નિવૃત્તિના થોડાક જ દિવસો પહેલા પાટણની હેમચન્દ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીમાંથી ઈતિહાસ વિષયમાં પીએ.ડી.ની ડીગ્રી મેળવીને નિવૃત્ત થનાર તેઓ એક માત્ર સરકારી જાહેર સેવક છે. એમનો જન્મ ૬ એપ્રિલ-૧૯૫૫ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કુવાસણા ગામે વણકર પરિવારમાં થયો હતો. પિતાજી અંબારામ કાલીદાસ પરમાર અને માતુશ્રી કંકુબેનના પરિવારમાં જન્મ ધારણ કર્યો હતો. માતા-પિતા અમદાવાદની ધી નગરી મીલમાં મજૂર હતા. તેમના પરિવારમાં કોઈ સાહિત્યકાર, કવિ, લેખક કે ચિત્રકાર ન હતા. પરંતુ ડૉ. પી.એમ. પરમારને નાનપણથી જ ચિત્રો દોરવાની લગની લાગતા ૧૯૭૨માં ઓલ્ડ એસ.એસ.સી. પાસ કરી અમદાવાદની શેઠ સી.એમ. કોલેજ ઓફ ફાઈન આર્ટસમાંથી ડી.ટી.સી. જી.ડી.એ. એન.એ.એમ. જેવી કલા પદવીઓ મેળવી ગુજરાત યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી હતી. રાજ્ય સરકારના માહિતી ખાતામાંથી નિવૃત્ત થયા બાદ તેમણે રંગ અને પીંછી હાથમાં પકડી વોટરકલર, પેન એન્ડ ઈન્ક, ટેમ્પેરા છે. તેમણે ચિત્રકલા દ્વારા રાજ્યના ગ્રામીણ જીવનને પુનઃ ધબકતુ કર્યું છે. હમણા જળરંગોમાં જે ચિત્રો દોરેલ છે તેમાં બકરાને ચારો ખવડાવતી મહિલા, ગરમીમાં તૃષા છિપાવતા કબૂતરો, મહેસાણા અને કચ્છી વૃદ્ધો, જૂનવાણી માઢ, ટેકરી પાછળ ડૂબતો સૂરજ વગેરે હૃદયસ્પર્શી ચિત્રો કેનવાસ પર ઉતાર્યા છે.

# તલોદના નવાવાસ પાસે વાહન અકસ્માતમાં એકનું મોત : ત્રણ ઘાયલ

તલોદ, તા. ૨૮

મોડાસા-અમદાવાદ રાજ્ય ધોરી માર્ગ ઉપરના તલોદ તાલુકાના નવાવાસ પંથકમાં આજે બપોરે થયેલા એક વાહન અકસ્માતમાં મોડાસાના જોષી પરિવારના એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું છે. જ્યારે એક મહિલા સહિત બે વ્યક્તિઓને ભારે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈન્ડીગો મોટરકાર અને ભારવાહક ટ્રકની જોરદાર ટક્કરથી આ અકસ્માત સર્જાયો હતો. જેમાં કારના આગળના ભાગના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. જેના પુત્ર અને તેના માતા-પિતા અમદાવાદથી મોડાસા જઈ રહ્યા હતા. જેમાં કારચાલકના પિતાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુંહતું. જ્યારે તેમને તથા તેમની માતાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેઓને ૧૦૮ દ્વારા તલોદ હોસ્પિટલસમાં અને ત્યાંથી ઉચ્ચ દાક્તરી સારવાર અર્થે અમદાવાદ તરફ ખસેડવાની ફરજ પડી હતી. જ્યાં તેઓની હાલત નાજુક હોવાનું મનાઈ રહ્યું છે.

મોડાસાની ગીતાંજલિ સોસા.માં રહેતા નાગેશભાઈ નરેશભાઈ જોષી કેટલાક સમયથી કિડનીના રોગથી પિડાતા હોઈ અમદાવાદ ડાયાલિસીસ સારવાર માટે અવારનવાર જતા હતા. તે મુજબ આજે પણ તેમના પુત્ર વિશાલ નાગેશભાઈ જોષી અને તેમના પત્ની આશાબહેન નાગેશભાઈ જોષી સાથે પોતાની ટાટા ઈન્ડીગો સીએસ કાર નં. જીજે૯-એજી-૧૬૦૫ લઈને સવારે મોડાસાથી અમદાવાદ ગયા હતા. જ્યાંથી પરત ફરતા તલોદ તાલુકાના નવાવાસ પંથકમાં તેઓને આ જીવલેણ વાહન અકસ્માત નડ્યો હતો. જેમાં સિનિયર સિટિઝન એવા નાગેશભાઈ જોષીને જાણે કે માર્ગમાં જ મોત ભેટી ગયુંહતું. તેમની મોટરકાર રખીયાલથી હરસોલ તરફ દોડી રહી હતી ત્યારે સામેથી કપચી ભરીને આવતી મહાકાય ટ્રક નં. જીજે૯-ઝેડ-૬૭૭૫ના ચાલકની કથિત અતિભારે બેદરકારીને કારણે ટ્રકની જોરદાર ટક્કર વિશાલ જોષીની કારના ડ્રાયવર સાઈડે લાગતા કારના આગળના ભાગના કુરચા ઉડી ગયા હતા અને કાર ૧૦૦ ફૂટથી વધુ ઘસડાઈ ગઈ હતી. જેમાં મુસાફરી કરી રહેલા જોષી પરિવારના પિતા, માતા અને પુત્રને ભારે લોહિયાળ ઈજાઓ પહોંચી હતી. જે પૈકીના નાગેશભાઈ જોષીને ભારે જીવલેણ ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે ભરાયેલા લોહીના ખાબોચિયામાં જ કણસતી હાલતમાં તેમનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પત્ની આશાબહેન અને પુત્ર વિશાલભાઈને ભારે ઈજાઓ પહોંચી હતી. જ્યાં આશાબહેન બેભાન થઈ ગયા હતા. આ બંને ઈજાગ્રસ્ત માતા-પુત્રને તલોદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓને અતિભારે આંતરિક લોહીયાળ અને ગંભીર પ્રકારની મનાતી ઈજાઓ પહોંચતા આશાબહેનને ભાટ વિસ્તારની એપોલો હોસ્પિટલમાં અને વિશાલને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાની ફરજ પડી હતી.





ઉત્તરાખંડમાં આવેલ અચાનક જળહોનારતમાં હજારો યાત્રીકો અને સ્થાનિકોના મૃત્યુ થયા હતા. તે મૃતકોને આજે પાલનપુર ખાતે પૂર્વ શહેર પોલીસ અને પત્રકારો દ્વારા મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# યુવા પેઢીમાં અજંપાને દૂર કરીને વિશ્વાસ જગાવવા જરૂર : મોદી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈમાં સીઆઈઆઈના ઉપક્રમે ઉદ્યોગ-વ્યાપારના અગ્રણીઓ સાથેના સંવાદમાં ભારતને શક્તિશાળી બનાવવા માટે યુવાપેઢીના આશા-અરમાનોની પૂર્તિ કરવા અને શાસનમાં સ્થાયી અને સાતત્યપૂર્ણ નીતિઓના માટે ભરોસાનું વાતાવરણ સર્જવાની અનિવાર્યતા ઉપર ભાર મુક્યો હતો. આપણી વિકાસ માટેની તાકાત યુવાશક્તિમાં છે. યુવાપેઢીમાં અજંપાની સ્થિતિ દૂર કરવા માટે તેનામાં વિશ્વાસના ઊર્જાસ્રોત જગાવીને વિકાસના અવસરો પૂરા પાડવા જ પડશે એમ તેમણે નિર્ધારપૂર્વક જણાવ્યું હતું. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝની રાષ્ટ્રીય પરિષદમાં નરેન્દ્ર મોદીએ ભારતીય અર્થતંત્ર ઉદ્યોગ વેપાર વિશ્વના યોગદાન અને વૈશ્વિક અર્થતંત્રમાં બારતને શક્તિશાળી બનાવવા સામેના પડકારો તથા અવસરો સંદર્ભમાં ફળદાયી સંવાદ કર્યો હતો. જ્યાં સુધી રાજ્યો મજબૂત નહીં બને ત્યાં સુધી, ભારત મજબૂત નહી બને એમ જણાવતા નરેન્દ્ર મોદીએ સરકારિયા કમિશન અને પૂંછી કમિટીના અહેવાલોને અમલ કરવા ઉપર ભાર મૂક્યો હતો. રાજયો અને કેન્દ્ર વચ્ચેના સંબંધો, ભારત જેવા સમવાય ઢાંચા (ફેડરલ ડેમોક્રેસી)ના લોકતંત્રમાં પ્રગતિના સમાન ભાગીદાર રૂપે જોવા પડશે. કેન્દ્રમાં બેઠેલાએ બીગ બ્રધરની ભૂમિકા નહીં પણ રાજ્યો સાથે સાથીની હોવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. જીએસટી માટે ટેકનોલોજીના સમગ્ર દેશમાં નેટવર્કની અનિવાર્યતા અને રાજ્યોના આર્થિક વ્યવસ્થાપન માટેની ફોર્મ્યુલાનું તર્ક સંગત સોલ્યુશન હોવું જોઈએ. મેન્યુફેક્ચરીંગ સેક્ટરના રાજ્યોના હિતોનો ભોગ લેવાવો જોઈએ નહીં. જીએસટી વેટના સ્થાને આવે ત્યારે તેની વ્યવહારૂ મુશ્કેલીનો વિચાર કરી લેવો જોઈએ. રાજ્યોની આર્થિક સ્વાયતતાને સુરક્ષિત કરવી જ જોઈએ. હું જીએસટીનો વિરોધી નથી અને મારી રાજકીય પાર્ટી પણ વિરોધી નથી.

રૂપિયાના અવમૂલ્ય નથી કેન્દ્ર સરકારની શાખનું પણ ઝડપથી અવમૂલ્યન થઈ રહ્યું છે અને આપણી શાખ ગુમાવીશું તો આપણી નીતિ ઉપર ભરોસો કોણ મુકશે? એવો પ્રશ્ન ઉઠાવી મુખ્યમંત્રી કેન્દ્રની વર્તમાન સરકાર ઉપરનો ભરોસો કોઈને રહ્યો નથી.

# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રના ઘણા ભાગમાં હળવો વરસાદ

અમદાવાદ,તા. ૨૭

દક્ષિણ ગુજરાતમાં મેઘ મહેર યથાવત રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ ઘણી જગ્યાઓએ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. વરસાદી ઝાપટાઓનો દોર જુદા જુદા વિસ્તારોમાં જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારમાં વરસાદના આંકડા પર નજર કરવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, નર્મદા, તાપી જિલ્લામાં વરસાદ નોંધાયો છે. તાપીના સોનગઢમાં વરસાદ નોંધાયો છે. સૂરત જિલ્લાના માંડવી, સૂરત શહેરમાં હળવો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ પાલિતાણામાં ૫૬ મીમી જેટલો વરસાદ નોંધાયો છે. આ ધાર્મિક સ્થળ પર બે ઈંચથી વધુ વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી. સૂરતના માંડવીમાં દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હોવાનું જાણવા મળ્યુ છે. સૂરત શહેરમાં ૪૦ મીમી અથવા તો દોઢ ઈંચથી વધુ વરસાદ થયો છે. વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા, પારડી, ઉમરગામમાં મધ્યમ વરસાદ થયો છે. ડાંગના આહવામાં સાત મીમી જેટલો વરસાદ નોંધાયો છે. મધ્ય ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના બરવાડા તાલુકામાં ૨૫ મીમી અથવાતો એક ઈંચ જેટલો વરસાદ થયો છે. દસક્રોઈમાં વરસાદી ઝાપટા પડ્યા છે. આંકલાવ, બોરસદ, ખંભાતમાં પણ વરસાદી ઝાપટા પડ્યા છે.

## શબ્દાવલી - ૫૧૦૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | |
| ૯ | | | ■ | ૧૦ | | | ■ |
| | ■ | ૧૧ | ૧૨ | | ■ | ■ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ■ | | ■ | ૧૬ | | |
| ■ | ૧૭ | | | ■ | | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | | | ■ | | ■ | ૨૩ | |

### આડી ચાવી

૧. ... આપવો, શિખામણ (૪)
૪. હોવું, દયા-ધર્મવાળો (૩)
૭. સત્ત્વ, સાર (૨)
૮. દબાવવું, ... કરવું (૩)
૯. એક ખાસ પ્રકારનો વાટકો (૩)
૧૦. એક જાતનું નળાકાર પાત્ર વાસણ (૩)
૧૧. જોજન (૩)
૧૪. નમેલું, ... મસ્તક (૨)
૧૬. પતરવેલીયા (૩)
૧૭. ભગવાન શંકરનું વાદ્ય (૩)
૧૮. સતો.... તમો ગુણ (૨)
૧૯. ખમી શકે તેવા સદ્ધર (૫)
૨૨. રસ્તો, રોડ (૩)
૨૩. ખીજનું વિરોધી, રીજવણી (૨)

### ઊભી ચાવી

૧. તાપમાન (૫)
૨. બહુ દેવુ થયું હોય તેવો (૪)
૩. વહેમ, શંકા (૨)
૪. પેટ (૩)
૫. એક ઘરેણું, તાત (૩)
૬. ક્રિકેટના સ્કોરમાં... પુછાય (૨)
૧૦. એક જાતના પાંઉ (૨)
૧૨. એક ફળ (૪)
૧૩. ફૂલમાંથી રજ (૫)
૧૫. તડો વચ્ચે સમાધાન (૪)
૧૬. રસીદ (૩)
૧૮. પ્રવાહી (૨)
૨૦. વિચાર, વૉટ (૨)
૨૧. પૃથ્વીની સપાટી (૨)

### શબ્દાવલી ૫૧૦૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) આફરો (૪) નકોરડો (૮) રળવુ (૯) ફરમાન (૧૦) નર (૧૧) શોહરત (૧૨) વાહ (૧૪) વખ (૧૫) નાહક (૧૭) ગાગર (૧૮) મહેસૂલ (૨૧) લીકવીડ શૉપ

**ઊભી ચાવી :-** (૧) આરસી (૨) ફળ (૩) રોવું (૪) નફરત (૫) કોર (૬) રમા (૭) ડોન (૧૦) નરક (૧૧) શોખ (૧૨) વાહર (૧૩) હક (૧૪) વધામણી (૧૫) નાગચૂડ (૧૬) વસુલી (૧૯) લક (૨૦) લોપ

## ચેરમેનનું રાજીનામુ... ● પહેલા પાનાનું ચાલુ

આ પછી સામાન્યસભામાં શિક્ષણ સમિતિની પુન રચના પ્રમુખસ્થાનેથી પ્રસ્તાવ લાવી કરવામાં આવી હતી. હવે સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ રાઠોડ અને અન્ય બે સભ્યોએ પણ રાજીનામા આપતાં પુનઃ સમિતિમાં સભ્યોની નિમણુંક નોન. કોરમ થઈ છે અને હવે નવી સમિતિની રચના કરવાની થશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પુછતાં તેમણે જણાવ્યું હતું કે મારા કાર્યાલયમાં પત્ર મળ્યો છે અને આગળની કાર્યવાહી કરવા મેં સૂચના આપી છે.

દરમ્યાન કોંગ્રેસ પક્ષના આંતરિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મામલો ઘરનો આંતરિક મુદ્દો છે અને ઝડપથી ઉકેલાઈ જશે તેવો વિશ્વાસ પક્ષની નેતાગીરી ધરાવે છે. જો કે શ્રી ગાંભુસિંહના નજીકના સૂત્રો રાજીનામુ આપી દીધુ છે એટલે હવે પાછા ફરવાની વાત નથી. તેમણે ચેરમેન તરીકે જ નહિ પણ સભ્યપદેથી પણ રાજીનામુ આપ્યુ હોવાથી હવે નવા સમીકરણો શું થશે તેને લઈ અટકળોનો દોર શરૂ થયો છે.

## સંસ્કૃતિની સાંકળ... ● છેલ્લા પાનાનું ચાલુ

સવાલો કર્યા ત્યારે ડ્રાયવર પાસેથી જે તેની માતૃભાષાનું તેને ગૌરવ હતુ તે જોઈ તેઓ ચકિત થઈ ગયા હતા.

ગુજરાતી પત્રકારિત્વથી સાહિત્ય સર્જક તરીકેની લાંબી કારકિર્દી ધરાવતા વર્ષાબેને જણાવ્યું હતું કે ગુજરાત સમાચારના શ્રી મેગેઝીનથી પત્રકારિત્વમાં તેમનું પદાર્પણ કર્યું હતું. યુવા વયે જ તેમને આ તક શાંતિલાલ શાહે આપી હતી. આ પછી મુંબઈ સમાચારમાં સૌંદર્યનો શણગાર તેમની લાંબા સમય સુધી કોલમ લખી હતી. ત્યારબાદ જન્મભૂમિ ગૃપ સાથે જોડાયા હતા.

મુંબઈ સમાચારમાં હતા ત્યારે ટુંકી વાર્તાઓ પર શરૂઆતમાં કિસનસિંહ ચાવડાનો પ્રભાવ હતો. એનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે એ વખતે બે-ત્રણ વાર તેમની ટુંકી વાર્તા મુંબઈ સમાચારના પ્રથમ પાને છપાઈ તેનાથી તેમનામાં રહેલી સાહિત્ય સર્જનની શક્તિને નવો વળાંક મળ્યો હતો.

રંગભૂમિ પર વેવિશાળ, ઝેર તો પીધા જાણી જાણી, મૃચ્છ કટિક જેવા ક્લાસિક નાટકોમાં અભિનય આપવાનું ગૌરવ તેઓ આજે પણ અનુભવે છે. તેમણે કહ્યું કે પ્રવિણ જોષી, ઉપેન્દ્ર ત્રિવેદી, વિષ્ણુભાઈ વ્યાસ, પ્રતાપ ઓઝા, જેવા કલાકારો સાથે એ જમાનામાં કામ કરવાની મજા કંઈક જુદી જ હતી. ઘાટકોપરમાં રંગમંચ નામની સંસ્થા શરૂ કરી હતી અને ગુજરાતી નાટકો તેના માધ્યમથી રજુ કર્યા હતા. મુંબઈ ઓપેરા હાઉસમાં રંગભૂમિ સંસ્થાને ગુઆચાર્ય સ્થાપી હતી. એકાંકી સ્પર્ધા ભારતીય વિદ્યાભવનમાંથી રંગભૂમિ પર આવ્યા હતા. ત્યારે આઈએનટી, રંગભૂમિ જેવી સંસ્થાઓમાં કામ કરવાની તક મળી હતી. ઝેરતો પીધા ઝાણી જાણીના હાઉસફઉલ શૉ એ વખતે જતા હતા. તેમાં પણ રોહિણીનું પાત્ર કરવાની બહુ મઝા આવતી હોવાનું તેમણે કબુલ્યુ હતુ.

વેણીભાઈએ દીદીની ડાયરી કોલમ શરૂ કરાવી. ધીરૂબહેન પટેલે મારે પણ એક ઘર હોય લખાવી.

સાહિત્ય સર્જન ક્ષેત્રે તેમના પર્દાપણ વિશે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે આવી કહ્યું કે લે આ પેન અને કાગળ તુ નવલકથા લખવાનો પ્રયત્ન કર...બસ, આ પછી તેમણે નવલકથાઓ લખવાનો પ્રારંભ કર્યો.

એપ્રિલ ૧૯૪૦માં જન્મેલા વર્ષાબેને ગુજરાતી સાહિત્યમાં અનેકવિધ નવલકથાઓ, નિબંધ લેખન, પ્રવાસકથાઓ, નાટકોની ભેટ આપી છે. તિમિરના પડછાયા નવલકથાનું નાટ્ય રૂપાંતર થયું હતું. ફિલ્મ બની હતી. શારદા નાટકે દેશ પરદેશ શૉ કર્યા હતા.

તેમની જાણીતી નવલકથાઓ ગાંઠ છુટતી વેળાએ, અવાજનો આકાર, આતશ તિમિરના પડછાયા, પ્રવાસકથાઓમાં પ્રવાસતીર્થ તો નાટકોમાં કારાગૃહ તિરાડ, વાસંતી કોયલ બહુ જાણીતી કૃતિઓ છે. લઘુ નવલો પણ તેમણે લખી છે જેમાં ખરી પડેલો ટહુકો, મારે ઘર હોય એ તેમની આગવી ઓળખ બની ગઈ છે.

વર્ષાબેને એમ.એ. સાથે અભ્યાસ કર્યો છે અને ડિપ્લોમાં ઈન ડ્રામેટીકલ કર્યુ છે.

૨૦૦૫માં રણજીતરામ સુવર્ણચંદ્રક, વાર્તાઓ માટે નંદશંકર મહેતા એવોર્ડ, ૧૯૭૬માં સોવિયેત લેન્ડ નહેરૂ એવોર્ડ, કનૈયાલાલ મુન્શી એવોર્ડ, સાહિત્ય અકાદમી દિલ્હી, ગુજરાતના પણ અનેક પારિષોતિકો જીત્યા છે.

તેમણે ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિને બિરદાવી જણાવ્યું હતું કે સાહિત્ય પરિષદના અધિવેશનમાં આ સંસ્થા સાથે પરિચયમાં આવવાનું થયું અને સંસ્થા સાથે હવે તેમનો નાતો ગાઢ થયો છે. તેમણે જણાવ્યું હતું કે સ્વૈચ્છીક સંસ્થાઓ અને સૌનો સાથ મેળવી ગુજરાતી ભાષાનું વૈશ્વીક ગાન થાય તેવું દરેક ગુજરાતીનું સપનું હોવું જોઈએ. પડકારો છે પણ ગુજરાતી માટેનો પ્રેમ આ પડકારોને પીગળાવી દેશે. સૌનો સાથ મળશે જ એવો તેમને અતૂટ વિશ્વાસ છે.

## ભીંસમાં લીધો... ● પહેલા પાનાનું ચાલુ

કામગીરી કે કાર્યવાહી નોંધ સાથે તેઓ સહમત થયા નથી. તેમણે અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલા પ્રસ્તાવમાં સહિઓ પણ નહિ હોવાનું જણાવ્યું હતું.

સમિતિમાં જો ઓછામાં ઓછા સાત સભ્યો ના હોય તો સમિતિની કાર્યવાહી પણ નોન કોરમ ગણાય છે એટલે તેની કાર્યવાહી ગેરકાયદે ગણાય આ સામાન્ય સભા આ મુદ્દાને ઔચિત્યનો મુદ્દો ગણી નામંજૂર કરે.

શ્રી જયેશ પટેલે આજે પંચાયતની બેઠકમાં દાખવેલા આક્રમક વલણને જોઈ તેમના રોષને ઠંડો પાડતાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભટ્ટે તેઓ સમગ્ર બાબતો કાનૂની રીતે ચલાવશે અને પછી તે અંગે તેમનો અભિપ્રાય આપશે. તેમણે પંચાયતના મહારથી રિખવદાસ શાહના કોટેશન પણ ટાંક્યુ હતુ. તેમણે જણાવ્યું હતું કે તેઓ સમગ્ર પ્રકારનો અભ્યાસ કરશે.

બીજી તરફ કોંગીના સભ્યોએ જણાવ્યું હતું કે તમે ચિંતા ના કરો અમે નવી નિમણુંકો કરવાના જ છીએ આટલા બધા ઉતાવળા થવાની જરૂર નથી.

## ભારે ઉહાપોહ ● પહેલા પાનાનું ચાલુ

સભ્યોનો રોષ જોઈ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પણ ચોંકી ઉઠ્યા હતા અને તેમણે આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.

આજની આ સામાન્ય સભામાં ગત સામાન્ય સભામાં કાર્યપાલક ઈજનેરને વિભાગમાં પરત બોલાવવાના પસાર કરેલા પ્રસ્તાવ બાદ વિકાસ કમિશ્નરશ્રીએ કરેલા પ્રતિષેધનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. આ મુદ્દે પૂર્વ ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડે સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ટાંકી તેમજ પંચાયત અધિનિયમની કેટલીક કલમોને ટાંકી પ્રસ્તાવને વળગી રહેવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો.

જો કે સભ્યોએ આ અંગે પરામર્શ કર્યો હતો અને શ્રી અજીતસિંહને તેમનો પ્રસ્તાવ પાછો ખેંચવા અપીલ કરી હતી. કાર્યપાલક ઈજનેરશ્રીએ પણ પૂર્વ ચેરમેનને લાગણી ઘવાઈ હોય તો ક્ષમ્ય ગણવા જણાવતાં શ્રી અજિતસિંહે તેમનો પ્રસ્તાવ પરત લીધો હતો અને કાર્યપાલક ઈજનેરને માફ કરવામાં આવ્યા હતા.

આજની આ બેઠકમાં વિપક્ષી સભ્ય શ્રી જયેશ પટેલના આયોજન મંડળના મંજૂર થયેલા કામો કેટલા પડતર છે તેના પ્રશ્નના ઉત્તરમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦૧૦-૧૧ ના ૪ કામો, ૨૦૧૧-૧૨ના ૨૭ કામો, ૨૦૧૨-૧૩ના ૨૯ કામો મળી કુલ ૬૦ કામો બાકી છે.

આ કામો બાકી રહેવાના કારણો દર્શાવતાં તંત્રએ એવો ખુલાસો કર્યો હતો કે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ અને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ સંબંધિત ગામને વસ્તીના પ્રમાણમાં ઓછી ગ્રાન્ટ મળવાના કારણે નિયત કામો થઈ શક્યા નથી, કેટલાક કામો ગામમાં વિવાદ હોવાનો કારણે થઈ શક્યા નથી, વીજળીકરણના કામોમાં સંબંધિત ગ્રામ પંચાયતોના વીજકંપનીના ભરણા બાકી હોવાથી તેમજ ચૂંટણીની આચારસંહિતાને કારણે કામો બાકી રહ્યા છે.

શિક્ષકોની ઘટ અંગે ભાજપના શકુંતલાબેન પટેલ, નવિનભાઈ પટેલના પ્રશ્નોના ઉત્તરમાં શિક્ષણાધિકારી શ્રી સોલંકીએ જણાવ્યું હતું કે વિદ્યાસહાયકોની ભરતી માટે મેરીટ લીસ્ટ તૈયાર થઈ ચુક્યુ છે અને આજે સાંજે આ લીસ્ટ નેટ પર મુકી દેવામાં આવશે. કલોલ તાલુકામાં ૧૯૨, માણસામાં ૭૪ શિક્ષકોની ઘટ છે.

આજની આ સભામાં આંગણવાડીના બાળકો માટે ચિત્રપોથી માટે બજેટમાં રૂ. ૧૦ની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ રૂ. ૩.૬૦ વધારે ભાવ આવતાં આ રકમ સ્વભંડોળમાંથી ખર્ચ કરવાની પણ મંજૂરી અધ્યક્ષસ્થાનેથી રજુ કરાયેલા પ્રસ્તાવ દ્વારા આપવામાં આવી હતી.

**જાહેર નિવિદા**

**મતદાર યાદીની ડેટા એન્ટ્રી કરવા અંગેનું ટેન્ડર**

ભારતના ચૂંટણીપંચની સૂચના અનુસાર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચેરી, ગાંધીનગર દ્વારા હાલમાં ઘેર - ઘેર ફરી મતદારયાદીની ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ ચે. આ ચકાસણી દરમિયાન મતદારયાદીમાં રહેલી ક્ષતિઓને સુધારવા માટે બીએલઓ દ્વારા બીએલઓ રજીસ્ટર, પત્રક-૨ (મતદાર ફોટા), પત્રક-૩ (વસતીના આંકડા) તથા સેકસનની યાદી વિગેરેમાં માહિતી આપવામાં આવશે. આ માહિતી આધારે નિયત સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવાની થાય છે. આ કામગીરી માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦થી ૧૭.૦૦ કલાક વચ્ચે તા. ૮-૭-૨૦૧૩ સુધીમાં કલેક્ટર કચેરી, ચૂંટણી શાખા ખાતેથી ટેન્ડર ફી રૂ. ૫૦ રોકડેથી ભરેથી રૂબરૂ મેળવી શકાશે. ટેન્ડર ફી સાથે ટેન્ડર ફોર્મ તથા પરિશિષ્ટ-૧ તથા ટેન્ડરની શરતો જોઈ ચકાસી ટેન્ડર ભરવાનું રહેશે. આ ટેન્ડર ભરીને તા. ૯-૭-૨૦૧૩ના રોજ બપોરના ૧૫.૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી પહોંચાડવાના રહેશે. મળેલ ટેન્ડર તે દિવસે સાંજના ૧૬.૦૦ કલાકે કમિટી રૂબરૂ ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર (પી. સ્વરૂપ)
તારીખ : ૨૬-૬-૨૦૧૩ જિલ્લા ચૂંટણી અધિકારી અને
માહિતી/૬૪૯/૧૩-૧૪ કલેક્ટર, ગાંધીનગર